# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 03-08-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ-ભાવનગર:

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે ભાવનગર રેલવે મથકથી ભાવનગર-અયોધ્યા કેન્ટ સાપ્તાહિક ટ્રેનને લીલીઝંડી આપતા રાજ્ય માટે અનેક મહત્વની જાહેરાત કરી. શ્રી વૈષ્ણવે જણાવ્યુ કે ભાવનગર બંદર પર એક નવું કન્ટેનર ટર્મિનલ સ્થાપવામાં આવશે.

દરમિયાન પોરબંદર અને રાજકોટ વચ્ચે બે નવી ટ્રેન સેવાઓ શરૂ કરવાની પણ જાહેરાત કરી છે. આ પૈકી એક ટ્રેન દરરોજ ચાલશે અને બીજી ટ્રેન અઠવાડિયામાં પાંચ દિવસ ચાલશે.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત કેન્દ્રીય મંત્રી ડોક્ટર મનસુખ માંડવિયાએ કહ્યું હતું કે રાજકોટ, પોરબંદર અને જુનાગઢ જિલ્લામાં ઉભી થનાર આ સુવિધાથી આ વિસ્તારનાં લોકોનુ જીવન વધુ સરળ બનશે.

ભાવનગરથી અયોધ્યાની ટ્રેન શરૂ થતાં કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાએ તેને ઐતિહાસિક ક્ષણ ગણાવી હતી.

-----------------------------------------------------------------------------------------

## રાષ્ટ્રીય અંગદાન દિવસ ઉજવણી:

ત્રીજી ઓગસ્ટ 1994ના ભારતમાં પ્રથમ સફળ મૃતદાતાનું હૃદય પ્રત્યારોપણ કરાયું હતું તેની યાદમાં દર વર્ષે ત્રીજી ઓગસ્ટે અંગદાન દિવસની ઉજવણી કરાય છે. અંગદાન ક્ષેત્રે અગ્રેસર ગુજરાતે અનેક સિદ્ધિ હાંસલ કરી છે. ગત સાત વર્ષમાં રાજ્યમાં 657 અંગદાતા તરફથી કુલ બે હજાર 39 અંગના દાન પ્રાપ્ત થયા છે. આ અભિયાન અંતર્ગત અનેક કાર્યક્રમો યોજાય છે. આજે ભુજના સ્મૃતિ વન ખાતે અંગદાન ચેરી ટેબલ ટ્રસ્ટ દ્વારા અંગદાન પ્રણેતા દિલીપ દેશમુખની ઉપસ્થિતિમાં અંગદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સ્મૃતિવનમાં

આવતા શહેરી નગરજનોને અંગદાન વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ જાગૃતિ અભિયાનમાં બહોળી સંખ્યામાં લોકોએ રજીસ્ટ્રેશન કરાવી અંગદાન અભિયાનમાં જોડાયા હતા.

---

## સંસ્કૃત સપ્તાહ ઉજવણી-ગાંધીધામ:

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગર દ્વારા પ્રેરિત,શિક્ષણ કચેરી દ્વારા આયોજિત “સંસ્કૃત સપ્તાહ” ની આગામી તા. ૬ થી ૮ ઓગસ્ટ દરમિયાન ભુજ ખાતે કચ્છમાં જિલ્લા સમાહર્તાના અધ્યક્ષસ્થાને ઉજવણી કરવામાં આવશે.

“પ્રથમ દિવસ ૬ ઓગસ્ટના રોજ જિલ્લા મથક ભુજ ખાતે "સંસ્કૃત ગૌરવ યાત્રા"નું આયોજન કરવામાં આવેલું છે. જેમાં શાળાના વિદ્યાર્થીઓ અને નાગરિકો ઉપસ્થિત રહેશે. , બીજા દિવસને “સંસ્કૃત સંભાષણ” દિવસ તરીકે કચ્છ યુનિવર્સિટી ભુજ ખાતે ઉજવવામાં આવશે. આ દિવસે , જિલ્લાની સરકારી કચેરીઓ તેમજ શાળાઓમાં સંસ્કૃત ભાષામાં શુભેચ્છા સંદેશ બનાવવામાં આવશે તથા સંસ્કૃત ગીત – શ્લોક ગાન સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવશે. સંસ્કૃત સપ્તાહ ઉજવણીના ત્રીજા દિવસે સંસ્કૃત સાહિત્ય પ્રદર્શનનું આયોજન કરાશે, જેમાં સંસ્કૃત સાહિત્યના પ્રાચીન અને અર્વાચિન ગ્રંથો અને પુસ્તકોનું પ્રદર્શન કચ્છ યુનિવર્સિટી ભુજ ખાતે યોજાશે તેમ જિલ્લા શિક્ષણાધિકારીની એક યાદીમાં જણાવાયુ છે.

દરમ્યાન સંસ્કૃત ભારતીના સંયુક્ત ઉપક્રમે સંસ્કૃત સપ્તાહની ઉજવણી અંતર્ગત સંસ્કૃત પ્રતિભા મંચ નામે નૃત્ય ગાયન, અભિનય સહિતના કાર્યક્રમ આજે સાંજે સરસ્વતી વિદ્યા મંદિર ગાંધીધામ ખાતે યોજાઈ રહ્યો છે. આ ઉજવણી સંસ્કૃતના ઓજસવી વારસાને આધુનિક યુગ સાથે જોડવાનો પ્રયાસ છે.

---

## ગીજુભાઈ બધેકા બાળ ગુરુ એવોર્ડ-ભુજ :

ભુજના શિક્ષિકાને તાજેતરમાં ગાંધીનગર ખાતે આયોજિત સમારોહમાં ગીજુભાઇ બધેકા શ્રેષ્ઠ બાળ ગુરુ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની વિશેષ ઉપસ્થિતિમાં આયોજિત કાર્યક્રમમાં કૃપાબેન નાકરને આ એવોર્ડ એનાયત કરાયો હતો.

ચિલ્ડ્રન યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા સમગ્ર ગુજરાતમાં શિક્ષણમાં નવીન પદ્ધતિ તથા બાળવાર્તાથી શિક્ષણકાર્ય કરાવનાર બાળગુરુ એવોર્ડ માટે એક શિક્ષકની એક બાલ વાટિકાની પસંદગી રાજ્યમાંથી કરવામાં આવે છે. ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સિટી સ્થાપના દિને ગીજુભાઇ બધેકા એવોર્ડ વિતરણ અને દીક્ષાંત સમારોહ યોજાયો હતો.

---------------------------------------------------------------------------------------------

## સુરખાબ પક્ષી સમુહ-વાગડ વિસ્તાર :

કચ્છની ઓળખ એવા રૂપકડા સુરખાબ પક્ષીઓનો સમૂહ પૂર્વ કચ્છના વાગડ વિસ્તારના સરહદી મૌવાણા રણમાં હાલમાં જોવા મળી રહ્યો છે. જાહેર માર્ગ નજીક સુરખાબની હાજરીથી પ્રવાસીઓમાં રોમાંચની લાગણી ફેલાઇ છે.

રણ વચ્ચેથી પસાર થતા ઘડુલી-સાંતલપુર ધોરીમાર્ગ પાસેના નિર્જન વિસ્તારમાં 'રા લાખેજા' એવા ફ્લેમિંગોનો નજારો લોકોને મંત્રમુગ્ધ કરી દે છે. આડેસર રેન્જ ફોરેસ્ટ અધિકારીએ જણાવ્યું કે, સુરખાબ પક્ષી સ્થાનિક રીતે કાયમ જોવા મળે છે.

વર્ષ દરમિયાન ઘણા સુરખાબ ભાવનગર, જામનગર અને મુંબઇ સુધી જાય છે. અમુક ઝુંડ રાજસ્થાનના વિરાન સ્થળ સુધી પહોંચે છે. જોકે, મોટા ભાગે પ્રજનન માટે તેઓ પરત આવી જતા હોય છે.

---------------------------------------------------------------------------------------------

## રાજ્ય-વરસાદ હવામાન:

રાજ્યમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ 63 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જેમાં દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ 67 ટકા વરસાદ વરસ્યો છે. બીજી તરફ રાજ્યના 52 જળાશય હાઇએલર્ટ પર છે. રાજ્યમાં આજે 51 તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો છે. દરમિયાન હવામાન વિભાગ દ્વારા આજે 8 જીલ્લામાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે 6 ઓગસ્ટ સુધી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના પણ આપવામાં આવી છે.

-----------------------------------------------------------------------------------------